બાળ કલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ/સંસ્થાને
રાજય પારિતોષિક આપવાની યોજના...

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : શસય-૧૦૮૪-૩૦૭૯-છ
સમાજ કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૮-૫-૮૫

વંચાણે લીધો :- સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૦-૧૨-૮૦નો
ઠરાવ ક્રમાંક : આઈવાયસો/૧૦૮૦/૯૦૧૦૯/છ.

ઠ રા વ : -

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના અમુખમાં દર્શાવેલ તા.૨૦-૧૨-૮૦ ના ઠરાવ દ્વારા બાળકલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃત્તિ કરતી વ્યક્તિ અને સંસ્થાને રાજય પારિતોષિક આપવાની યોજના ઘડવામાં આવેલ છે. આ યોજનાને વિસ્તૃત કરવાનો બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે આ યોજના મુજબ હવે દર વર્ષે બે વ્યક્તિઓ તથા બે સંસ્થાને દરેકને અનુક્રમે રૂ. ૧૦,૦૦૦/-( અંકે રૂપિયા દશ હજાર પુરા) અને રૂ.૨૫,૦૦૦/-( અંકે રૂપિયા પચીસ હજાર પુરા) તથા પ્રશસ્તિ પત્રો એનાયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક : -૯૨-" ૨૮૮- સામાજિક સુરક્ષા અને કલ્યાણ -ધ- સમાજ કલ્યાણ -એસ.સો.ડબલ્યુ-૨૮-એ આંતરરાષ્ટ્રીય બાળવર્ષનો અમલ અને બાળકલ્યાણ" હેઠળ ઉધારવું અને તે સદર હેઠળની જોગવાઈમાંથી મેળવવું.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૧૩-૫-૮૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

૪. આ ઠરાવનો અમલ તા.૧-૪-૮૫ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

સહી/-
(ગોવિંદભાઈ બી.પટેલ )
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ,
રાજયકક્ષાના મંત્રીશ્રી, સમાજ સુરક્ષા ના અંગત સચિવશ્રી